વડગામ તાલુકામા આંગણવાડી કાર્યકરોને વધારાની કામગીરી શોપાતા મામલતદાર-ટીડીઓને રજૂઆત

વડગામ, વડગામ તાલુકાના આંગણવાડી કેન્દ્રોમાં ફરજ બજાવતી આંગણવાડી ની બહેનો

સરકાર દ્વારા વધારાની કામગીરી શોપાતા વડગામ મામલતદાર ટી.ડી.ઓ અને સીડીપીઓ ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ અંગે આંગણવાડી કાર્યકરો બહેનો જણાવ્યું હતું કે આઇ.સી.ડી.એસ ની કામગીરી થી જ નવરાશ મળતી નથી.આગણવાડી ની બહેનોને મોબાઇલ ફોન આપ્યા બાદ આઇ.સી.ડી.એસ.ની કામગીરી થી જ અમને નવરાશ મયળતી નથી ત્યાં સરકાર દ્વારા અમોને વસ્તી ગણતરીની કામગીરી સોંપાતા આંગણવાડી બહેનો મા રોષ ભભુકી ઉઠયો છે. બળ જબરી પૂર્વક વસ્તી ગણતરીની કામ કરવા ફરજ પાડવા માં આવી રહી છે. અને જો અમે આ કામગીરી નહિ કરીએ તો ત્રણ માસની જેલ થશે તેવી ધમકી આપવામાં આવતી હોવાના ચોંકાવનારા આક્ષેપ આંગણવાડી બહેનો દ્વારા કરાતા ચકચાર મચી જવા પામી છે. આંગણવાડી બહેનો દ્વારા વધુ આક્ષેપ કરીને જણાવ્યું હતું કે અગાઉ પણ પલ્સ પોલિયો અને ચૂંટણી ની કામગીરી કરાવી હતી પરંતુ આંગણવાડી બહેનો ને તેનું મહેનતાણું પણ ચુકવવા આવ્યું નથી.માત્ર સરકાર દ્વારા આંગણવાડી બહેનો વેઠ કરાવીને તેનું પુરતા પ્રમાણમાં વેતન પણ ચુકવવા માં આવતું નથી.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ઈન્ ફોર્મ ની કામગીરી બાબતે અગાઉ જિલ્લા કલેકટર ને અમારા આંગણવાડીના કર્મેચારીના સભ્ય દ્વારા આવેદન પત્ર આપ્યું છે જેની નકલ સાથે જોડી આપ ને આંગણવાડી કર્મેચારી સભા ના પ્રમુખ ચંપાબેન પરમાર સહિત વડગામ તાલુકાના આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા વડગામ ટીડીઓ, મામલતદાર અને સી.ડી.પી.ઓ ને આવેદનપત્ર આપી આં કામ બીજા કોઈને કર્મચારીઓ ને સોંપવામાં આવે તેવું જણાવ્યું હતું.

ધનસુરા તાલુકાની આકરૂન્દ બી.આર.સી.ની નવાનગર પ્રાથમિક શાળાનું ગૌરવ

અરવલ્લી જિલ્લાની ધનસુરા તાલુકાની આકરૂન્દ સી.આર.સી.ની નવાનગર પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીએ તાલુકા કક્ષાની વાંચન સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ. ધનસુરા તાલુકાની નવાનગર પ્રાથમિક શાળાની હવન્તિકા સંજયભાઇ વસાવાએ તાલુકા કક્ષાની વાંચન સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં તાલુકાકક્ષાની યંજાયેલી આ વાંચન

સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી નવાનગર શાળાનું તેમજ ગામનું ગૌરવ વધાર્યું હતું. ગામનું ગૌરવ વધારવા બદલ શાળાના આચાર્ય કેશવભાઈ પટેલ તથા શાળાના શિક્ષકો તથા એસ.એમ.સી. સભ્યો અને ગ્રામજનોએ હવન્તિકાને અભિનંદન પાઠવ્યા હતા.

બે આરોપીઓએ જામીન મેળવવા અરજી કરતા કોર્ટે જામીન માટે ૧૧ માર્ચે સુનવણી કરશે

સીઆઈડીએ મુખ્ય આરોપીના નાર્કો ટેસ્ટ માટે અરજી કરી

મોડાસા, તા. ૫ મોડાસાના સાયરા (અમરાપુર)ની ૧૯ વર્ષીય યુવતીના શંકાસ્પદ મૃત્યુ મામલે સમગ્ર રાજ્યમાં ભારે પડઘા પડતા અને અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની ઢીલી નીતિનો આક્ષેપ થતા પોલીસ મહાનિર્દેશક શિવાનંદ ઝાએ સમગ્ર કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપવામાં આવી હતી. આ બે મહિના થવા છતાં હજુ યુવતીના મોતનું રહસ્ય અકબંધ રહ્યું છે ત્યારે સાયરા કેસના બીમલ ભરવાડ અને દર્શન ભરવાડે મોડાસા કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરવામાં આવતા કોર્ટે જામીન અરજી માટે ગુરુવારે સુનવણી હાથ ધર્યા પછી જામીન અંગે ૧૧ માર્ચે સુનવણી હાથ ધરવામાં આવશે જણાવી મુદત પાડી હતી સીઆઈડી ક્રાઈમે કેસના મુખ્ય આરોપી બિમલ ભરત ભાઈ ભરવાડ સહકાર અપાતો ન હોવાથી નાર્કો ટેસ્ટ માટે કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે.

મોડાસાના સાયરા (અમરાપુર) ગામની ૧૯ વર્ષીય યુવતીના અપહરણ ગેંગરેપ અને હત્યાના ચકચારી કેસમાં ૪ આરોપીઓ સામે ગુન્હો નોંધાયો

હતો જેમાં ૩ આરોપીઓએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં સરન્ડર કર્યું હતું, હજુ પણ સતીશ ભરવાડ નામનો આરોપી સીઆઈડી અને પોલીસતંત્રની પકડથી દૂર છે ત્રણે આરોપીઓ હાલ સબ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે તેમાંથી બિમલ ભરવાડ અને દર્શન ભરવાડે રેગ્યુલર જામીન મેળવવા અરજી દાખલ કરતા ગુરુવારે સુનવણી નામદાર કોર્ટે સુનવણી હાથ ધરી જામીન અરજી સંદર્ભે વધુ સુનવણી ૧૧ માર્ચના રોજ હાથ ધરવા મામલે મુદત પાડી હતી. એડવોકેટ કેવલસિંહ રાઠોડ પીડિતોના પક્ષે નામદાર કોર્ટ સમક્ષ હાજર રહ્યા હતા. સમગ્ર મામલાની ક્રાઈમ બ્રાન્ચ તપાસ કરી રહી છે તેનો પરિવારજનો અને કેવલસિંહ રાઠોડે સંતોષ હોવાનું જણાવ્યું હતુ.

ભારતમાં સૌપ્રથમ સાબરડેરી ખાતે પશુઓ માટેના દેશી ઔષધિ ઉત્પાદન કેન્દ્રનો પ્રારંભ

એનડીડીબીના ચેરમેને મુલાકાત લઈ સંતોષ વ્યક્ત કર્યો : ૧ કરોડના ખર્ચે ઔષધિ ઉત્પાદન કેન્દ્રનું વિસ્તૃતીકરણ કરવાની યોજના : દેશના તમામ સંઘોના વેટનરી ડોક્ટરોને તાલીમ અપાશે

હિંમતનગર, તા. ૫ સમગ્ર ભારત દેશમાં શ્વેતક્રાંતિ ક્ષેત્રે ગુજરાતે પોતાનું નામ રોશન કર્યુ છે ત્યારે પશુપાલકો દૂધના વ્યવસાયને જીવન નિર્વાહ

માટે ખુબ જ મહત્વ આપી રહ્યા છે. ત્યારે કેન્દ્ર સરકાર પ્રેરિત એનડીડીબીના સહયોગથી ભારતભરમાં સૌપ્રથમ સાબરડેરીના બીજદાન (પાડાકેન્દ્ર) ખાતે પશુઓમાં થતા વિવિધ રોગોને નાબુદ કરવા માટે એલોપેથી દવાઓને બદલે દેશી ઔષધિઓ તૈયાર કરી તેને પશુપાલકો સુધી પહોંચાડવા કરેલી પહેલની ફલશ્રુતિરૂપે ગુરૂવારે દેશી ઔષધિ ઉત્પાદન કેન્દ્રનો પ્રારંભ કરાયો છે.

આ અંગે સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ તથા વાઈસ ચેરમેન જયંતીભાઈ પટેલના જણાવાયા મુજબ ગુજરાતના દુધ ઉત્પાદક સંઘોમાં સાબરકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘની પ્રથમ હરોળમાં ગણના થઈ રહી છે. ત્યારે ડેરીના નિયામક મંડળ દ્વારા તત્કાલીન ચેરમેન મહેશભાઈ પટેલની આગવી સુઝબુઝ અને માર્ગદર્શનથી સાતેક માસ અગાઉ સાબરડેરીના પાડા કેન્દ્ર ખાતે પ્રાયોગિક ધોરણે દેશી ઔષધિ કેન્દ્રનો પ્રારંભ કરાયો હતો. જોકે શરૂઆતના તબક્કામાં આ દેશી દવાઓ દુધાળા પશુઓમાં થતા ખાસ પાંચ મુખ્યત્વે રોગોના કારણે પશુઓની દૂધઉત્પાદન ક્ષમતા ઘટી જતી હતી જે અંગે ઠરાવેલા સર્વેક્ષણ બાદ પાંચ પ્રકારની દેશી દવાઓ દુધાળા પશુઓ પર પ્રયોગ કરતા તેના સારા પરીણામો મળ્યા હતા.

ત્યારબાદ હાલના નિયામક મંડળ દ્વારા દેશી ઔષધિ ઉત્પાદન કેન્દ્રનું વિસ્તૃતીકરણ કરવાનો નિર્ણય લઈને અંદાજે રૂ. ૪૦ લાખના ખર્ચે મશીનરીથી સજ્જ એકમ શરૂ કરાયું છે. જેનો પ્રારંભ એનડીડીબીના ચેરમેન દિલીપ રથ તથા નિયામક મંડળના સભ્ય ડૉ. વિપુલ પટેલ અને એમ.ડી. ડૉ. બી.એમ. પટેલે એનડીડીબીના ચેરમેનને દેશી ઔષધિ કેન્દ્રની ખાસ વિશેષતાઓ અંગે જાણકારી આપી હતી. જે પ્રસંગે દેશી ઔષધિ કેન્દ્રનું સંચાલન કરતા ડૉ. અમીરભાઈ પટેલે આપેલી પુરક માહિતીથી ઉપસ્થિત લોકોએ દેશી ઔષધિ કેન્દ્રના કાયદા જાણીને પ્રભાવિત થઈ ગયા હતા. આ દેશી ઔષધી કેન્દ્ર મારફતે ખાસ કરીને પશુઓમાં આવતા ખરવા મોવાસ, પશુના વિયાણ બાદ થતા વિવિદ રોગો અને ખાસ કરીને પશુઓને ગર્ભધારણ કરવામાં પડતી તકલીફોને દેશી પદ્ધતિથી દવાઓનો ઉપયોગ કરીને કોઈપણ આડઅસર વિના પશુની તંદુરસ્તી સચવાઈ રહે તેવી દવાઓ તૈયાર કરાય છે. એનડીડીબીના ચેરમેન સાબરડેરીની મુલાકાત દરમ્યાન હિંમતનગર તાલુકાની ખેડ દુધમંડળીની મુલાકાત લઈને પશુપાલકો સાથે ચર્ચા કરી હતી અને તેમની મુશ્કેલીઓ અંગે જાણકારી મેળવી હતી.

અસામાજિક તત્ત્વોના ત્રાસથી જૂની સેંધણીનો દલિત પરિવાર એસપી કચેરીએ પહોંચ્યો

વડગામ, તા. ૫ વડગામ તાલુકાના જુની સેંધણીના દલિત પરિવારો સાથે અસામાજિક તત્વોએ મારામારી કરતા દલિત પરિવારો દ્વારા વડગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી પરંતુ વડગામ પોલીસ દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરતા આખરે પીડિત દલિત પરિવાર બનાસકાંઠા પોલીસ વડાની કચેરીએ પહોંચી ન્યાયની ગુહાર લગાવી હતી.

સૂત્રોના જણાવ્યાનુસાર વડગામ તાલુકાના જુની સેધણી ગામે વસવાટ કરતા દલિત પરિવાર ઉપર અસામાજિક તત્ત્વો ત્રાસ ગુજરી મારામારી કરતા ભયભીત દલિત પરિવારે વડગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. અને અસામાજિક તત્વોના હુમલાથી ઘવાયેલ દલિત પરિવારની દિકરીને વડગામ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી તેમ છતાં અસામાજિક તત્વો હોસ્પિટલમાં પણ દબાણ લાવતા ડોકટરો દ્વારા તેણીને રજા આપવામાં આવતા પાલનપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. પીડિત પરિવારના જણાવ્યાનુસાર મુસ્લિમ સમુદાયની સંખ્યા વધારે હોવાથી દલિત પરિવારને અવારનવાર હેરાન કરવામાં આવે છે અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવે છે તેમજ આરોપીઓ માથાભારે અને સુખી હોવાથી કાયદો અને વ્યવસ્થાને હાથમાં લઈને ફરે છે જેથી વડગામ પોલીસ દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરાતા છેવટે દલિત પરિવાર બનાસકાંઠા જિલ્લાના પોલીસ વડાની કચેરીએ જઈ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને આવા અસામાજીક તત્વોની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં નહીં આવે તો ગામથી હિજરત કરવાની ફરજ પડશે તેવી ખુલ્લી ધમકી સાથે કલેક્ટર કચેરીએ ગાંધી ચિંધ્યા માર્ગે ધરણાં કરીશું એવી પણ ચીમકી હતી.

ધનસુરા તાલુકાના શીકાના રાજકીય આગેવાન ભીખુસિંહ માધુસિંહ ઠાકોરનું અવસાન

ધનસુરા, તા. ૫ અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના શીકા ગામના રાજકીય આગેવાન ભીખુસિંહ માધુસિંહ ઠાકોરનું દુ:ખદ અવસાન થયેલ છે. જેઓએ

જીવનપર્યંત સુધી લોકસેવા અને સમાજ ઉત્થાન તથા સમાજજાગૃતિના ખૂબ જ કામો કર્યા. તેઓનું સંપૂર્ણ જીવન લોકસેવા અર્થે ખપાવી દેનાર એવા ભીખુસિંહએ ગ્રામ પંચાયત મા સરપંચ તરીકે, મોડાસામાંથી વિભાજન થઈ ધનસુરા તાલુકાના પ્રથમ તાલુકા પંચાયત પ્રમુખ તરીકે, ભારતીય જનતા પાર્ટીના તાલુકા પ્રમુખ તરીકે અને છેલ્લે કોંગ્રેસ પાર્ટીના તાલુકા પ્રમુખ તરીકે નિષ્ઠાપૂર્વક સેવા બજાવી. તેઓના અવસાનથી પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી.

ખેડબ્રહ્મા તાલુકાના આગિયા ગામની અનોખી હોળી

હોળીના ધગધગતા અંગારા પર ખુલ્લા પગે ચાલવાની પરંપરા

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાનાં આગિયા ગામે હોળીના પર્વની ઉજવણી મહાકાળી માતાજીની પૂજન વિધિ સાથેય થાય છે, હોળીને પ્રગટાવ્યા પછી હોળીના ધગધગતા અંગારા પર લોકો ખુલ્લા પગે ચાલી અનોખી રીતે પર્વ ઉજવે છે. દર વર્ષે આગિયાની હોળી જોવા રાજ્યભર માથી અને રાજસ્થાન થી પણ લોકો મોટી સંખ્યામાં આવે છે, આગિયા ગામે પ્રગટતી હોળીની પરંપરા પાંડવકાળથી ચાલી આવે છે,

આગિયામાં હોળી પ્રગટવયા પછી હોળીની આગથી વાઘેલા વંશજો ધ્વારા એક વાંસ સળગાવવામાં આવે છે. આ સળગતો વાસ લઈ મહાકાળી માતાજીનું નામ લેતા મંદિર પાસે આવેલ વાવ માં સળગતા વાંસને ઠંડો કરવામાં આવે છે. વાંસને માતાજીની વાવ સુધી પહોચડવા માટે વાઘેલા વંશજો મદદ કરતા હોય છે અને હોળીની જગ્યાએથી માતાજીની વાવ સુધી માતાજીનું નામ સતત બોલતું રહે છે ત્યાર બાદ મહાકાળી માતાજીનાં જયઘોષ સાથે ગામના ભાઈઓ તથા બાળકો શ્રધ્ધાથી હોળીના અંગારા પર ઉઘાડા પગે ચાલે છે. અને અંગારથી દાઝતું નથી હોળીના અંગારા પર ચાલનાર પાસે સોના ચાંદીના દાગીના કે ચામડાની કોઈ વસ્તુ ન હોવી જોઈએ તેની ખાસ તકેદારી રાખવાંમાં આવે છે.

વરસાદી ઝાપટું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુભવાયો ન હતો. જયારે દિવસના અંતે રાજયમાં અમદાવાદ અને કચ્છમાં પણ વરસાદી છાંટણા વરસ્યા હતા. બીજીતરફ ગાંધીનગરમાં પણ મોડી સાંજે વરસાદી વાદળો આકાશમાં ઘેરાઈ આવ્યા હતા. પવનના સુસવાટા સાથે શહેરમાં વરસાદ ખાબકયો હતો. સેકટરોમાં વરસાદી વાયરા વચ્ચે ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. જયારે ઈન્ફોસીટી વિસ્તારમાં પણ વરસાદી ઝાપટુ વરસતા મોસમનો નઝારો બદલાયો હતો. શહેરના સેકટરોમાં વરસાદી છાંટણાથી ઠંડક પ્રસરી હતી. આમ પણ એકબાજુ બેવડી ઋતુની અસરથી જનજીવન પ્રભાવિત છે.ત્યારે વરસાદી વાયરાના લીધે વિચિત્ર મોસમનો અનુભવ કરતા નગરજનોમાં ચિંતાના વાદળો ઘેરાયા હતા. બેવડી ઋતુના લીધે જનઆરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. જયારે વરસાદી વાયરાના લીધે આરોગ્ય જોખમાશે તેવી ચિંતા પણ વર્તાઈ રહી છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૧ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૧૭ ડીગ્રી રહ્યુ હતુ. જયારે સવારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૭૫ ટકા રહ્યુ હતુ. વરસાદી છાંટણાના લીધે નાગિરકો પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. બેવડી ઋતુ વચ્ચે વરસાદ પણ ભળતા નગરમાં એક સાથે ત્રણ સિઝન ચાલતી હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો.

આંદોલનના માર્ગે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફરજોમાં પણ કાપ મુકેલ છે. જેના કારણે તમામ ઉપસ્થિત પદાધિકારીઓએ આક્રોશ વ્યક્ત કરેલ અને ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના ઉપક્રમે રાજ્ય સરકારમાં જે રજુઆતો કરવામાં આવેલ છે તે ધ્યાને લઈ પ્રજામત મેળવવા પંચાયત પરિષદ તરફથી સંમેલન તેમજ કાર્યક્રમો આપવા સૌએ અનુરોધ કરેલ. આ બેઠકમાં પંચાયત પરિષદના હોદ્દેદારોએ પ્રશ્નોની વિસ્તૃત સમજ આપેલ અને ગુજરાતના પંચાયતીરાજને દેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત થાય તે માટે સૌએ સાથે મળી પ્રયત્ન કરવા અનુરોધ કરવામાં આવેલ.

આ અગત્યની બેઠકમાં ધારાસભ્ય અમીતભાઈ ચાવડાએ હાજર રહેલ પંચાયતોની સમસ્યાઓ, પ્રશ્નો તેમજ પંચાયતોના ભૂતકાળના અનુભવો વિગેરે જણાવી રાજ્યમાં પંચાયતીરાજ વ્યવસ્થા નબળી પાવામાં સરકારશ્રી કક્ષાએથી પ્રયત્ન થઈ રહેલા છે તે અંગે રાજ્યની તમામ સ્તરની પંચાયોતના પદાધિકારીઓએ તાલુકા અને જિલ્લા મથકે આવેદન પત્ર આપી, રેલીઓ યોજી, સંમેલન રાખી, પ્રજામત જાગૃત કરવા પ્રયત્ન કરવા અનુરોધ કરેલ. અને પંચાયત પરિષદની કાર્યવાહીને તેઓએ બિરદાવતા જણાવેલ આગામી સમયમાં પંચાયત પરિષદે રાજ્યકક્ષાએ મહાસંમેલન યોજવા વિચારણા કરવી જરૂરી છે.

આ બેઠકમાં ઉપસ્થિત રહેલ તમામ પદાધિકારીઓ, પંચાયત પરિષદના પ્રમુખ શ્રીમતિ કલ્પનાબેન ધોરીયા, ઉપપ્રમુખ નટવરસિંહ મહીડા અને માનદ મંત્રી મુર્તુઝાખાન પઠાણે આ અંગે વિસ્તૃત સમજ આપી આગામી સમયમાં પરિષદના ઉપક્રમે કાર્યક્રમો યોજવા રાજ્યની તમામ પંચાયતોને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે અને રાજ્યમાં યોજાતા સંમેલન અને રેલીઓને સફળ બનાવવા પ્રયત્નશીલ રહેશે તેવું પંચાયત પરિષદે એક અખબારી યાદીમાં જણાવેલ છે.

જાગૃતિ અભિયાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફરજીયાતપણે પહેરવા તે અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવા સૂચવી શાળા-કોલેજોના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માસ્ક વિતરણ કરવા પણ આગ્રહ કર્યો છે.

ચેરમેનશ્રીએ તેમના આ પત્રમાં કોરોના વાયરસ વિરૂદ્ધ જનજાગૃતિ આવે તે જરૂરી છે તેથી સ્થાનિક કોર્પોરેટરોની તાકીદની બેઠક બોલાવી તેમને સાથે રાખી આખુ અભિયાન હાથ ધરવામાં આવે તેવો આગ્રહ કર્યો છે. તેમણે જણાવ્યુ છે કે મનપાના બજેટમાં આ માટે જરૂરી નાણાંકીય જોગવાઈઓ કરવામાં આવી છે ત્યારે તંત્ર તરફથી આ દિશામાં ઝડપી કામગીરી હાથ ધરવામાં આવે તે જરૂરી છે.

શાંતિપૂર્ણ પ્રારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચુડાસમાએ વિદ્યાર્થીઓને ગુલાબનુ ફુલ આપી સાકરથી મોં મીંઠુ કરાવીને શુભેચ્છા પાઠવી હતી. આ તબક્કે સે-૨૩ સ્થિત કડી કેમ્પસમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઇ પટેલ, સોમભાઇ પટેલ શાળાના આચાર્ય ડો ચેતના બુચ સહીત શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. શિક્ષણમંત્રીએ જણાંવ્યુ હતુ કે આજે ગુરુવારે વિદ્યાના વારથી ધો-૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા શરૂ થઇ છે. આજથી શરૂ થતી પરીક્ષા ૨૧ માર્ચ સુધી ચાલશે. કડી કેમ્પસમાં શેઠ સી એમ હાઇસ્કુલ ખાતે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવા આવ્યો છે. ગુજરાતના વિદ્યાર્થીઓને પણ ખુબ ખુબ શુભેચ્છા પાઠવતા તેમણે શાંત અને સ્વસ્થ ચિત્તે બેસી ઇષ્ટદેવને યાદ કરી પરીક્ષા આપવા જણાંવ્યુ હતુ. તેમણે જણાંવ્યુ હતુ આજે ૧૭ લાખ ૫૩ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે.૫૫૫૯ બિલ્ડીંગ અને ૬૦૦૨૭ વર્ગ ખંડમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા કરાઇ છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ખાસ બેઠક વ્યવસ્થા કરાઇ છે. ધો -૧૦ માં ૧૨૫ અને ધો -૧૨ માં ૫૦ વિદ્યાર્થીઓ જેલમાં પરીક્ષા આપી રહ્યા છે. દ્રષ્ટીહીન વિદ્યાર્થીઓ માટે બ્રેઇનલીપીમાં વ્યવસ્થા કરવામાં આવી છે. સી એમ હાઇસ્કુલમાં પણ પરીક્ષાની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે.

ભારત સજ્જ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિયંત્રિત કરવામાં આવી રહી છે. અમે માર્ગદર્શન માટે ડબલ્યુએચઓના સંપર્કમાં છીએ. ઈરાનના તહેરાનમાં ફસાયેલા ભારતીયોને કાઢવા માટે ભારત સરકાર ઈરાનના સંપર્કમાં છે. ગુરૂગ્રામમાં ૧૪ શકમંદોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા છે. દરમિયાન દિલ્હીમાં ૩૧મી માર્ચ સુધી તમામ પ્રાથમિક સ્કુલોને બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આજે આ અંગેની જાહેરાત દિલ્હીના નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયા દ્વારા આપવામાં આવી હતી. દુનિયાના ૮૬ દેશોમાં ભારે હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસના ૩૦ પોઝિટીવ કેસ ભારતમા પણ નોંધાઇ ચુક્યા છે જેથી સમગ્ર દેશમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. નાગરિકોમાં વ્યાપક દહેશત દેખાઇ રહી છે. બિહારમાં ઈરાનથી પરત ફરેલા નવ લોકોમાં કોરોના વાયરસ હોવાની શંકા દેખાયા બાદ તમામને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. બિહારમાં ૪૮ લોકોના સેમ્પલમાં ટેસ્ટ કરવામાં આવ્યા બાદ પરિણામ આવી ચુક્યા છે. જેમાં ૪૪ નેગેટિવ આવતા તંત્રને રાહત થઇ છે. ગોપાલગંજ અને આરામાં ઈરાનથી પરત ફરેલા નવ લોકોને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવી રહ્યા છે. કોરોના વાયરસને કાબુમાં લેવા માટે ભારતમા પણ તપાસ જારી છે. ભારતમાં કોરોના વાયરસના કુલ કેસોની સંખ્યા ૨૯ ઉપર પહોંચી ગઇ છે. આ ઉપરાંત કેટલાક કેસોના રિપોર્ટ હજુ આવ્યા નથી. ભારતમાં ૧૬ ઇટાલિયન સહિત ૩૦ પોઝિટિવ કેસો સપાટી પર આવ્યા છે. હવે તમામ ઇન્ટરનેશનલ ફ્લાઇટ અને યાત્રીઓની સ્ક્રિનિંગ ફરજિયાત કરી દેવામાં આવી છે. હજુ સુધી માત્ર ૧૨ દેશોના નાગરિકોની સ્ક્રિનિંગ ફરજિયાત રાખવામાં આવી રહી હતી. ભારતમાં જે કુલ કેસો નોંધાયા છે તે પૈકી આગરામાં છ કેસ નોંધાયા છે. ૧૬ ઇટાલિયન નાગરિકો છે. અને તેમના ભારતીય ડ્રાઇવર સામેલ છે. કેરળમાં ત્રણ અને તેલંગણામાં એક કેસ નોંધાયો છે. કોરોના વાયરસના નવા મામલા સપાટી ઉપર આવ્યા બાદ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા એડવાઈઝરી જારી કરીને ઇટાલી, ઈરાન, દક્ષિણ કોરિયા, જાપાનના એવા નાગરિકોને જારી નિયમિત વિઝા અથવા તો ઇ વિઝા સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નોઇડાની એક મોટી સ્કુલને ત્રણ દિવસ માટે બંધ કરી દેવામાં આવી છે જ્યારે ૧૧મી માર્ચ સુધી અન્ય એક સ્કુલને બંધ રાખવામાં આવી છે. બિહારના આરોગ્ય પ્રધાન મંગલ પાન્ડેએ કહ્યુ છે કે કોરાના વાયરસના કારણે તંત્ર સજ્જ છે.

બંધ રહેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ કહ્યું હતું કે કોરોના વાઈરસના ફેલાવાને ધ્યાનમાં રાખીને દિલ્હીની તમામ સરકારી અને ખાનગી શાળાઓ (પાંચ ધોરણ સુધઈની)ને આવતીકાલથી ૩૧ માર્ચ સુધી બંધ રાખવામાં આવશે. બીજી તરફ વિદેશ મંત્રી એસ જયશંકરે જણાવ્યું હતું કે ભારતની મેડિકલ ટીમ ઈરાન પહોંચી ગઈ છે. અહીં લેબ ખોલીને ઈરાનમાં ફસાયેલા ભારતીયોએ દેશ પરત લવાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો બેલ્જિયમનો પ્રવાસ પણ રદ્દ કરી દેવામાં આવ્યો છે. ૧૪-૧૫ માર્ચે પીએમ મોદી ભારત-યૂરોપિયન યૂનિયન બેઠકમાં ભાગ લેવા માટે જવાના હતા પરંતુ આ કાર્યક્રમને ટાળ્યા બાદ નવી તારીખની જાહેરાત કરવામાં આવશે.

૮૪ દેશો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમરિકા સહિતના મોટા ભાગના દેશો આ કોરોનાના સકંજામાં આવી ગયા છે. દુનિયાના દેશોમાં હાલમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ મેળવી લેવામાં હજુ સુધી સફળતા મળી રહી નથી.ચીનના તમામ સંબંધિત જુદા જુદા આરોગ્ય વિભાગના તમામ લોકો નિસહાય દેખાઇ રહ્યા છે.માત્ર ચીનમાં જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. જેમાં ભારત પણ સામેલ છે. અલબત્ત નવા કેસોની સંખ્યા ઘટી છે પરંતુ હજુ કેસો દરરોજ હજારો નોંધાઇ રહ્યા છે.જાપાનમાં પણ કોરોના વાયરસના કારણે ભારે દહેશત છે. તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. હોંગકોગ, દક્ષિણ કોરિયા, થાઇલેન્ડ, અમેરિકા, તાઇવાન, મલેશિયા અને જર્મની સહિતના દેશો વાયરસના સકંજામાં આવી ગયા છે. કેસોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઇ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે. જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. જે સાબિત કરે છે કે મોતનો આંકડો હજુ ખુબ વધી શકે છે. ૬૪ દેશોમાં કુલ કેસોની સંખ્યા રેકોર્ડ સપાટી પર પહોંચી ચુકી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી.ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે.

ફાંસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા છે. અપમાનિત કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ નિર્ભયાની માતા આશા દેવીએ કોર્ટના આદેશને લઈને ખુશી વ્યક્ત કરી છે. અને કહ્યું છે કે, હજુ આ દોષિતો ફાંસીની સજા ટાળવા માટે કોઈ નવા દાવ પેજ કરી શકે છે.દરેક ચીજ માટે કોઈ એક અંત હોય છે. હવે નવેસરથી ડેથ વોરંટ જારી કરાયા બાદ અપરાધીઓને ફાંસી થશે. નિર્ભયાની માતાએ કહ્યું હતું કે, જ્યાં સુધી દોષિતોને ફાંસી થતી નથી ત્યાં સુધી અમે હાર માનીશું નહીં. અમે લડવા માટે તૈયાર છે. તેમની જીત એ વખતે થશે જ્યારે અપરાધીઓને ફાંસી ઉપર લડકાવી દેવામાં આવશે. કાનુની નિષ્ણાંતોના કહેવા મુજબ હવે નવી તારીખ બાદ દોષિતો પાસે ફાંસીથી બચવા માટે કોઈ વિકલ્પ રહ્યા નથી.